જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૦/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૮૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૭૯ લીટર દેશી દારૂ, ૮૭૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૧૩ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી.તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૭,૧૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૮૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૮૫/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સિટીઃ મમતાબહેન બીજલભાઇ શેઠ (ઉ.વ.૫૬) (રહે. કર્તવ્ય ફલેટ જોગર્સ પાર્ક સામે ઇશ્વર ભુવનની ગલી નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી સાંજના ૦૫/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તથા તાળું તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીની લગડીઓ તથા સોનાના ડાયમંડ સાથેના દાગીના–ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૪,૭૯,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૮૬/૨૦૨૬**

વાડજઃ પ્રકાશકુમાર શંકરલાલ કટારીયા (ઉ.વ.૪૨) (રહે. એફ–બ્લોક સેક્ટર–૩ રામાપીરનો ટેકરો નવા વાડજ) નાઓએ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

વટવાઃ વટવા સોનાસીધ્ધી સોસાયટી ખાતે રહેતા કુલચંદ નાગર નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૬ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી